**Seat No. : _______________**

# XT-103

**April-2013**

**B.A. (Sem.-II)**

## Gujarati : EC-I-112

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. મુદ્દાસર જવાબ લખો :

(અ) નવલકથાનું સાહિત્ય સ્વરૂપ સમજાવો. **7**

**અથવા**

ક.મા. મુનશીના સમગ્ર સાહિત્યસર્જનનો પરિચય કરાવો.

(બ) 'પૃથિવીવલ્લભ'ની વસ્તુ સંકલના કલા વિશે ચર્ચા કરો. **7**

**અથવા**

'પૃથિવીવલ્લભ' નવલકથાને આધારે મુનશીની નવલકથાકાર તરીકેની વિશેષતાઓ જણાવો.

(ક) મુંજના પ્રભાવક વ્યક્તિત્વનું વર્ણન કરો. **7**

**અથવા**

'પૃથિવીવલ્લભ' નવલકથામાં નિરૂપિત સ્થૂળ અને સૂક્ષ્મ સંઘર્ષની સમીક્ષા કરો.

(ડ) કૉલેજમાં યોજાયેલ રક્તદાન-શિબિરનો અહેવાલ તૈયાર કરો. **7**

**અથવા**

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા યોજાયેલ પુસ્તક વિમોચનના કાર્યક્રમ વિશેનો અહેવાલ આપો.

2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :

(અ) ગુજરાતી નવલકથા પ્રવાહની વિકાસરેખા આલેખો. **4**

**અથવા**

મુનશીના જીવન ઘડતરના પરિબળો જણાવો.

(બ) મુંજ સાથે નાસી જવા મૃણાલે અનુભવેલું મનોમંથન વર્ણવો. **4**

**અથવા**

લક્ષ્મીદેવીનું પાત્ર-ચિત્રણ કરો.

(ક) કોઈપણ **એક** પ્રકરણનો રસાસ્વાદ કરાવો : **4**

(i) કાષ્ઠપિંજર

(ii) પહેલો મેળાપ

(iii) ભિક્ષા

(ડ) વિચાર વિસ્તાર કરો :

'કલા છે ભોજ્ય મીઠી તો ભોક્તા વિણ કલા નહિ.' **4**

**અથવા**

'શમેના વેરથી વેર, ટળેના પાપ પાપથી,
ઔષધ સર્વ દુ:ખોનું, મૈત્રીભાવ સનાતન.'

3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :

(અ) નવલકથા અને નાટક વચ્ચેના કોઈપણ બે તફાવત જણાવો. **3**

**અથવા**

નવલકથા અને નવલિકા વચ્ચેનો કોઈપણ ભેદ જણાવો.

(બ) 'પૃથિવીવલ્લભ'માં મુનશીની ગદ્યશૈલી. **3**

**અથવા**

'પૃથિવીવલ્લભ' શીર્ષકની યથાર્થતા.

(ક) વિલાસે રસનિધિ પાસેથી કઈ કથા સાંભળી ? એની એના પર શી અસર થઈ ? **3**

**અથવા**

પાદપ્રક્ષાલન પ્રસંગ યોજના પાછળનો તૈલપનો આશય જણાવો.

(ડ) વિચાર વિસ્તાર કરો : **3**

"ધન જોબનને ઠાકરી તે ઉપર અવિવેક,
એ ચારે ભેગાં થયાં અનરથ કરે અનેક."

**અથવા**

"હણોના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં,
લડો પાપો સામે અડગ દિલના ગુપ્ત બળથી."

4. સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો : **14**

(1) પંડિતયુગની શ્રેષ્ઠ નવલકથા કઈ ?

(a) ‘સરસ્વતીચંદ્ર’ (b) ‘દિવ્યચક્ષુ’ (c) ‘સ્વપ્નદ્રષ્ટા’

(2) પહેલી ગુજરાતી નવલકથા ‘કરણઘેલો’ ના લેખક કોણ ?

(a) મુનશી (b) ર.વ. દેસાઈ (c) નંદશંકર તુળજાશંકર મહેતા

(3) ચૂનીલાલ મડિયાની નવલકથાનું નામ આપો.

(a) ગ્રામલક્ષ્મી (b) તુલસીક્યારો (c) લીલુડી ધરતી

(4) કનૈયાલાલ મુનશીનો જન્મ કઈ સાલમાં થયો હતો ?

(a) ઈ.સ. 1887 (b) ઈ.સ. 1878 (c) ઈ.સ. 1971

(5) મુનશીની આત્મકથાનું નામ

(a) ગુજરાતની અસ્મિતા (b) સીધાં ચઢાણ (c) રાજાધિરાજ

(6) મુનશીના સર્જનમાં કયા નવલકથાકારનો પ્રભાવ જોવા મળે છે ?

(a) ટૉલ્ટૉય (b) ગોવર્ધનરામ (c) એલેક્ઝાન્ડર ડ્યૂમા

(7) ‘નર્મદ : અર્વાચીનોમાં આદ્ય’ કયા સ્વરૂપનું પુસ્તક છે ?

(a) જીવનચરિત્ર (b) નાટક (c) આત્મકથા

(8) નીચેનામાંથી કયા સામયિકમાં ‘મારી કમલા’ વાર્તા પ્રગટ થઈ હતી ?

(a) વીસમી સદી (b) સ્ત્રીબોધ (c) ગુજરાત

(9) ‘મુંજમાં જોવાનું છે શું ? એ જ હાડકાંનો માળો, એ જ ચામડું, એ જ નરકની બનેલી દેહ” – આ વાક્ય કોણ બોલે છે ?

(a) મૃણાલ (b) ભિલ્લમ (c) તૈલપ

(10) ‘રસિકતા હોય તો શાશ્વત સુખ મળે’ – આ વાક્ય કોણ બોલે છે ?

(a) વિલાસ (b) રસનિધિ (c) મુંજ

(11) અખબારી અહેવાલ કોને મોકલવામાં આવે છે ?

(a) તંત્રીને (b) મંત્રીને (c) સંત્રીને

(12) અહેવાલ લેખન કઈ ઘટના પર આધારિત હોય છે ?

(a) કાલ્પનિક (b) ભ્રામિક (c) વાસ્તવિક

(13) 'પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર,

તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે.' – માં કયા પ્રેમની વાત છે ?

(a) વિદ્યાપ્રેમ (b) માનવીયપ્રેમ (c) ઈશ્વરીયપ્રેમ

(14) 'તને મેં ઝંખી છે –

યુગોથી ધીખેલા પ્રખર સહરાની તરસથી' – માં કોના પ્રત્યેનો સ્નેહ પ્રગટ થયો છે ?

(a) પ્રિયતમા (b) માતા (c) સખી